*દર રવિવારે વોટ્સએપ પર પ્રકાશિત થતું કરન્ટ અફેર્સ નું એકમાત્ર મેગેઝીન*

# * વિદ્યાશકિત *

→Available in PDF and JPEG format

→ આપના વોટ્સએપ પર અંક મેળવવા માટે Join Vidhyashakti લખી 7359470068 પર વોટ્સએપમાંથી મેસેજ મોકલવો. આપના મોબાઇલમાં વિદ્યાશક્તિનો નંબર SAVE હોવો જરૂરી છે.

અંક નં-૨૨ તા:૨૩ એપ્રિલ-૨૦૧૭

www.vidhyashakti.blogspot.com

Email : vidhyashaktigujarat@gmail.com
સંપાદક: દરબાર સહદેવસિંહ
સ્થળ : માળિયા હાટીના
જિ : જુનાગઢ

## * ~ ગુજરાત ~ *

» પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬-૧૭ એપ્રિલે ગુજરાતનાં પ્રવાસે આવ્યા હતાં.
-૨૫ હજાર બાઇક સાથે ૧૧ કિમી લાંબો રોડ શો સુરતમાં યોજાયો
-૧૨ કિમી લાંબી સાડી પર સરકારની યોજનાઓ દર્શાવાય
- કિરણ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રિચર્સ સેન્ટરનું લોકાર્પણ કર્યુ.
-બોટાદમાં સૌની યોજનાનાં લીંક-૨ નાં તબક્કા-૧ નું લોકાર્પણ કરીને નર્મદાનાં પાણીને કૃષ્ણસાગર તળાવમાં પ્રવાહીત કર્યુ.
-તાપી જિલ્લાનાં બાજીપુરામાં સુમુલ પશુ દાણ કારખાનાનો શુભારંભ કર્યો.
-તાપી જિલ્લાને પીવાનું પાણી પુરૂ પાડતી અને જેસિંગપુરા અને ડોલવણ જુથ પાણી યોજનાનું લોકર્પણ કર્યુ હતું.

» સરદાર સરોવરમાં બંધની ઉંચાઇ અને દરવાજા લગાવવાનું કામ પુર્ણ થયું. હવે ૧૨૧.૯૨ મી. સુધી પાણીનો સંગ્રહ થઇ શકશે.

» ગુજરાતમાં ૬ થી ૨૩ મે દરમિયાન ૧૩મોં કૃષિ મહોત્સવ ઉજ્વાશે.

» નેપાળનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બિદ્યા દેવી ભંડારી ગુજરાતનાં પ્રવાસે. સોમનાથ-દ્વારકાનાં દર્શન કર્યા. રાજકોટ એરપોર્ટ પર ગાર્ડ ઓફ ઓનર અપાયું.

» સોમનાથ મંદીરે ૩ડી પ્રોજેકશન મેપીંગ તથા લાઇટ એન્ડ સાઉન્ડ શોની મુખ્યમંત્રીનાં હસ્તે શરૂઆત. અમિતાભ બચ્ચનનાં અવાજમાં સોમનાથ જયોતિર્લીંગનો ઇતિહાસ, પૌરાણીક મહાત્મ રજુ કરાશે. ૧ હજાર પ્રવાસી ઓ એકસાથે જોઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.

» સિવિલ સર્વિસ ડે પર દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતનાં ઉદ્યોગ કમિશ્નર મમતા વર્મા (સ્ટાર્ટ અપ શ્રેણી ) અને બનાસકાંઠાનાં કલેકટર જેનુ દેવેન(સિંચાઇ યોજના શ્રેણી) ને પ્રધાનમંત્રીનાં હસ્તે એવોર્ડ અર્પણ.

www.vidhyashakti.blogspot.com

» અમદાવાદ સાયન્સ સિટીમાં ૨૦૦ કરોડનાં ખર્ચે ભારતની સૌથી મોટી એક્વેટીક સાયન્સ ગેલેરી બનશે. જેમાં અન્ડર વોટર વોક વે, અત્યાધુનિક એક્વેરીયમ, દુનિયાનાં ૪૦૦થી વધુ જળચર જીવો અને કોરલ રીફ હશે.

» ગુજરાતનાં મુખ્ય ૮ પવિત્રધામોમાં ૨૪ કલાક સફાઇ કરાશે. સોમનાથથી મુખ્યમંત્રીએ સફાઇ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. તેમાં દ્વારકા, અંબાજી, ગિરનાર, પાલિતાણા, ડાકોર, પાવાગઢ અને શામળાજી સામેલ છે.

## * ~ ભારત ~ *

» નેપાળની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બિદ્યા દેવી ભંડારી ૫ દિવસનાં ભારત પ્રવાસે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારી, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને ગૃહમંત્રી રાજનાથસિંહ સાથે બેઠક યોજાઇ.

» ચંપારણ સત્યાગ્રહનાં ૧૦૦ વર્ષ પુર્ણ થતાં પટનામાં યોજાયેલ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્વારા સમગ્ર દેશનાં ૬૦૬ સ્વાતંત્ર્યસેનાનીઓને સન્માનીત કરાયા.

» મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ હસ્તકની નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) દ્વારા ૩૧ નવી વેધશાળાઓની સ્થાપના કરાશે. હાલમાં દેશમાં ૮૪ ભુકંપ વિજ્ઞાન વેધાશાળાઓનું રાષ્ટ્રીય સિસ્મોલોજીકલ નેટવર્ક છે. જે દેશનાં વિવિધ વિસ્તારોમાં આવતા ભુકંપનો સમય, તિવ્રતા, ઉંડાઇ, અને ભુકંપનાં કેન્દ્રની માહિતિ સરકાર અને વિવિધ વિભાગોને પહોંચાડે છે.

» સમગ્ર દેશમાં ૧ મે થી લાલબતી લગાવવા પર પ્રતિબંધ. રાષ્ટ્રપતિ,પ્રધાનમંત્રી સહિત કોઇપણ લાલબતી નહિ લગાવી શકે, માત્ર પોલીસ, એમ્બ્યુલન્સ અને ફાયરશાખા જ આ લાલબતી નો ઉપયોગ કરી શકશે.

» EVM (ઇલેકટ્રોનિક વોટીંગ મશીન) સાથે VVPAT (વોટર વેરીફેબલ પેપર ઓડિટ ટ્રેલ ) લગાવવા માટે કેન્દ્ર સરકારે ૩૧૭૩ કરોડની ગ્રાન્ટ ફાળવી. ગુજરાત અને હિમાચલપ્રદેશની ચુંટણીઓમાં VVPAT વાપરવામાં આવશે. આ VVPAT થી મતદાતા એ બાબતની ખાતરી કરી શકે છે કે પોતે જે પક્ષને મત આપ્યો છે તેને જ EVM માં ગયો છે કે નહિ. જો કે આ પ્રિન્ટ મતદાન મથક પર જ રાખવામાં આવશે.

» નાણામંત્રી અરૂણ જેટલી વિશ્વબેંક અને IMF ની બેઠકોમાં ભાગ લેવા પાંચ દિવસનાં અમેરિકાનાં પ્રવાસે. તેમની સાથે ઇકોનોમિક અફેર્સ સચિવ શક્તિકાંત દાસ, મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ અને આરબીઆઇનાં ગવર્નર છે. જી-૨૦ ની બેઠકમાં આરબીઆઇ ગવર્નર ઉર્જીત પટેલ ભાગ લેશે.

» ૧૧મોં રાષ્ટ્રીય સિવિલ સર્વિસ દિવસ દિલ્હીનાં વિજ્ઞાનભવન ખાતે ઉજવાયો. પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીનું અધિકારીઓને સંબોધન.

www.vidhyashakti.blogspot.com

» સંસદીય પેનલની ભલામણોને રાષ્ટ્રપતિની મંજુરી મળતા રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને મંત્રીઓએ હિન્દીમાં ભાષણ આપવું અનિવાર્ય બનશે.

» ટુરીઝમને પ્રોત્સાહન આપવાનાં હેતુ સાથે રેલ્વેમંત્રી સુરેશ પ્રભુએ આંધ્રપ્રદેશનાં વિશાખાપટનમ અને છતીષગઢનાં કિરંદુલ વચ્ચે પ્રથમ વિસ્ટાડોમ કોચવાળી ટ્રેનને લીલીઝંડી આપી. આ વિસ્ટાડોમ કોચમાં ૩૬૦ ડીગ્રી એ ફરી શકતી સીટો, ઓટોમેટીક સ્લાઇડીંગ અને જીપીએસ બેઝ ઇન્ફોરમેશન સિસ્ટમ અને બારી અને છતમાં મોટાભાગે કાચ લાગેલા છે.

» અમેરિકાનાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર લેફટનન્ટ જનરલ એચ.આર.મેકમાસ્ટર ભારતની મુલાકાતે. પ્રધાનમંત્રી અને સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ વચ્ચે મીટીંગ યોજાય.

» હરીયાણામાં ૧૮ થી ૭૦ વર્ષનાં બધા જ નાગરીકોને પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના હેઠળ આવરી લેવાશે-રાજય સરકારની જાહેરાત

» જાણીતી પત્રકાર નોરા ચોપરાનું નીધન.

» વિશ્વબેંકે ગંગાનદી પરનાં હલ્દીયા(બંગાળ) અને વારાણસી વચ્ચેનાં જળમાર્ગને વિકસાવવા માટે ૩૭૫ મિલિયન ડોલરની લોન મંજુર કરી. ૧૯૮૬માં આ માર્ગને નેશનલ વોટર હાઇવે નં-૧ જાહેર કરાયો છે.

» દિનાનાથ મંગેશકર પુરસ્કારથી આમિરખાન અને કપિલદેવને સન્માનીત કરાશે.

» ૬ઠો એમ.એસ.સ્વામિનાથન પુરસ્કાર કૃષિ ક્ષેત્રે યોગદાન આપવા બદલ આર.આર. હંચીનાલને એનાયત.

» ઉતરપ્રદેશનાં નવા ડીજીપી તરીકે સુલખામ સિંહ ની નીમણુંક.

» અરુણાચલ પ્રદેશમાં ફિલ્મ અને ટેલીવિઝન ઇન્સટીટયુટ સ્થપાશે.

» મધ્યપ્રદેશનાં રિવામાં એશિયાનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ સ્થપાશે.

## * ~ વિશ્વ ~ *

» તુર્કીમાં રાષ્ટ્રપતિ પ્રણાલી માટે કરાયેલ જનમત સંગ્રહમાં રાષ્ટ્રપતિ રજપ તૈય્યપ અર્દોગાનની જીત. તુર્કીમાં ૧૯૨૯ બાદ સૌથી મોટા બંધારણીય સુધારાથી સંસદીય પ્રણાલીને બદલે રાષ્ટપતિ પ્રણાલી લાગુ પડશે. અર્દોગાન ૨૦૨૯ સુધી સતા પર રહી શકશે.

» બ્રિટનમાં ૮ જુને સામાન્ય ચુંટણીઓ કરવાનો પ્રસ્તાવ સંસદે સ્વિકાર્યો.

» નેપાળ-ચીન વચ્ચે "સાગરમાથા ફ્રેન્ડશિપ-૨૦૧૭" યુદ્ધ અભ્યાસ શરૂ થયો. માઉન્ટ એવરેસ્ટને સાગરમાથા પણ કહેવાય છે.

» ઓસ્ટ્રેલીયાનાં પ્રધાનમંત્રી મેલ્કમ ટર્નબુલે વિઝા-૪૫૭ અને અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે H-1B વિઝા બંધ કરતા ભારતીય આઇટી પ્રોફેશનલ્સને મોટો ઝટકો. H-1B વિઝા હેઠળ

www.vidhyashakti.blogspot.com

કંપનીઓ કર્મચારીઓની અમુક વર્ષો માટે નિમણુંક કરી શકતી હતી.

» યુનો દ્વારા વિશ્વ યોગ દિવસ પર વિશેષ ડાક ટીકીટ બહાર પાડવામાં આવશે.

» ડીઝીટલ અર્થ વ્યવસ્થા પર જી-૨૦ દેશોની પ્રથમ બેઠક ડુસેલ્ડોર્ફ (જર્મની)માં યોજાય.

» મ્યાનમારમાં ૪ દિવસીય વોટર ફેસ્ટીવલ થિંગયાનમાં ૨૮૫નાં મોત, ૧૦૩૫ ઘાયલ. ગત વર્ષે ૨૭૭ મોત થયા હતાં.

» બ્રિક્સ દેશોનો બિજો ફિલ્મ ફેસ્ટીવલ ચીનનાં ચેંગહુમાં યોજાશે.પ્રથમ ફિલ્મ ફેસ્ટીવલ ભારતમાં યોજાયો હતો.

» મોંગોલિયા એ પોતાનો પ્રથમ ઉપગ્રહ મોગોલ સેટ-૧ લોચ કર્યો.

» જાકાર્તામાં ભારત-ઇન્ડોનેશિયા ઉર્જામંચનું આયોજન કરાયું. ભારત ઇન્ડોનેશિયામાંથી કોલસાનો ત્રિજો સૌથી મોટો આયાતક દેશ છે.

## * ~ આર્થિક જગત ~ *

» ઇન્ફોસીસનાં કો-ચેરમેન રવિ વેંકટેશન બન્યા.

» IMF નાં રાજકોષીય વિભાગનાં ડીરેકટર વિટોર ગાસ્પેરએ જણાવ્યુ કે ભારતે ખુબ જ ઝડપથી સારો વિકાસદર અને કેન્દ્રીય બજેટમાં રાજકોષિય ખાધ ૩.૫% રાખવાનું લક્ષ્ય હાંસીલ કર્યુ છે.

» સ્વિત્ઝરલેન્ડ એ ભારતની હાફુસ અને કેસર કેરી પરનો પ્રતિબંધ હટાવ્યો.

» ૨૦૧૭-૧૮નાં વર્ષમાં ભારત ૭.૨% નો વિકાસદર મેળવશે- વિશ્વબેંક

» ૧૪ મે થી તમિલનાડુ. કેરલ, કર્ણાટક, પોંડીચેરી, મહારાષ્ટ્ર, અને હરિયાણામાં રવિવારે પેટ્રોલપંપ બંધ રહેશે. પર્યાવરણ બચાવવામાં પ્રધાનમંત્રીએ મન કી બાતમાં અપીલ કરી હતી.

» EPF(Employee's Provident Fund) પર ૨૦૧૬-૧૭નાં વર્ષમાં ૮.૬૫% વ્યાજદર આપવાની નાણામંત્રી અરૂણ જેટલીની જાહેરાત.

» રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ જમ્મુમાં લોકપાલ કાર્યાલયનો પ્રારંભ કર્યો.

» રોકાણકારોનો વિશ્વાસ વધતા FDI(Foreign Direct Investment) આત્મવિશ્વાસ વૈશ્વિક સુચકાંકમાં ભારતે એક ક્રમ આગળ વધવાની સાથે ૮માં ક્રમે પહોચ્યું. પ્રથમ ક્રમે અમેરિકા અને બિજા ક્રમે જર્મની.

» m cap (market capitalization)માં ONGC ને પછાડીને SBI સૌથી વધુ મુલ્યવાન PSU(Public Sector Undertaking) ફર્મ બની.

» LIC હાઉસીંગ ફાઇનાન્સનાં નવા એમડી અને સીઇઓ તરીકે વિનય શાહની નિમણુંક.

## * ~ રમત જગત ~ *

» સિંગાપુર બેડમિન્ટન ઓપનનો ખિતાબ કિદામ્બી શ્રીકાંતને હરાવીને બી.સાઇ પ્રણીતે જીતી લીધો. પ્રણિતનો આ પ્રથમ સુપર સિરીઝ ખીતાબ છે. ઇતિહાસમાં પ્રથમવાર જ સિંગાપોર ઓપનની ફાઇનલમાં બે ભારતીય પહોચ્યા હતાં. ૨૦૧૦માં મહિલા સિંગલ્સમાં ભારતની સાયના નેહવાલે સિંગાપોર ઓપન જીતી હતી પરંતુ પુરુષમાં પ્રથમવાર પ્રણિતે ઇતિહાસ રચ્યો.

» ઇન્ડોનેશિયાનાં જાકાર્તામાં યોજાયેલ ૨૦૧૭ ઇન્ટરનેશનલ જુનિયર ગ્રા પી અન્ડર-૧૫ પુલેલા ગોપીચંદની પુત્રી ગાયત્રી ગોપીચંદે જીતી લીધી.

» અમેરિકામાં યોજાયેલ અમેરિકી ઓપન કરાટે ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ ૧૧ મેડલ જીત્યા. કુલ ૪૨ દેશોએ ભાગ લીધો હતો.

» અમેરિકાનાં બોસ્ટનમાં યોજાયેલ મેરેથોન દોડ પુરી કરીને ભારતનાં અંધ દોડવીર સાગર બહેતીએ ઇતિહાસ સર્જ્યો.

» ટી-૨૦ માં ૧૦,૦૦૦ રન પુરા કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી વેસ્ટઇન્ડિઝનો ક્રિષ ગેઇલ બન્યો.

» ૨૦૨૨માં ચીનનાં હોંગઝાવમાં યોજાનાર એશિયન ગેમ્સમાં પ્રથમવાર વિડિયો ગેમને સામેલ કરાશે.

## * ~ સંરક્ષણ / વિજ્ઞાન ~ *

» INS તેગ પર જહાજ પરથી જમીન પર માર કરનાર સુપર સોનિક ક્રુઝ મિસાઇલ બ્રહ્મોસ નું બંગાળની ખાડીમાં સફળ પરીક્ષણ કરાયું. ૨૯૦ કિમીની રેંજ અને ૨.૮મેક ગતિ તેમજ ૨૦૦ કિગ્રા વોરહેડ લઇ શકતી બ્રહ્મોસ મિસાઇલે આંદામાન નિકોબારમાં પોતાનો ટાર્ગેટ પાર પાડ્યો હતો. બ્રહ્મોસ નામ ભારતની બહ્મપુત્રા અને રશિયાની મસ્કવા નદીને આધારે પાડવામાં આવ્યુ છે.

» ઇસરો ૫ મે એ દક્ષિણ એશિયા ઉપગ્રહને લોંચ કરશે. તેમાં પાકિસ્તાનને બાદ કરતા બધા દેશો ને લાભ મળશે.

» ભારતમાં જ બનેલ INS ચેન્નઇ નું ચેન્નઇ શહેરમાં ભવ્ય સ્વાગત કરાયું. ગાઇડેડ મિસાઇલ ડીસ્ટ્રોયર INS ચેન્નઇ ૧૬૩ મી લંબાઇ, ૭૫૦૦ ટન વજન અને ૩૦ નોટીકલ માઇલની સ્પીડ ધરાવે છે.

» ચીને પોતાનું પ્રથમ માનવરહિત કાર્ગો સ્પેસક્રાફ્ટ તિયાનઝોવ-૧ લોંચ કર્યુ, જે સ્પેશ સ્ટેશન તિયાનગોંગ-૨ પર જશે.

### *-Day of The week-*

૧૮-એપ્રિલ-વિશ્વ વિરાસત દિવસ

૨૧-એપ્રિલ-નેશનલ સિવિલ સર્વિસ દિવસ (૨૦૦૬માં શરૂઆત-૧૯૪૭માં ભારતીય સિવિલ સર્વિસની પ્રથમ બેચને ગ્રુહમંત્રી સરદાર વલ્લભભાઇ પટેલે દિલ્હીનાં મેટકોફ હાઉસમાં સંબોધી હતી તેની યાદમાં ઉજવાય છે)

૨૨-એપ્રિલ- વિશ્વ પૃથ્વી દિવસ(૧૯૭૦ થી શરૂઆત)

૨૩-એપ્રિલ-વિશ્વ પુસ્તક દિવસ